# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/107 Dt. 23/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિએ બીજા દિવસે એપીએમસી, એસઆરકે, વીર નર્મદ યુનિવર્સિટીની મુલાકાત લીધી

## ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસી અને અન્ય હોદ્દેદારો પણ જોડાયા

## શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટમાં સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા સાથે ચર્ચા

## એપીએમસી મોડલથી પ્રભાવિત થઈ ઝિમ્બાબ્વેમાં એ લાગુ કરવાની ઈચ્છા

## ઝિમ્બાબ્વેમાં ખેતીના પાઇલટ પ્રોજેક્ટ માટે સુરતના ખેડૂતોને આમંત્રણ

સુરત: સુરતની બે દિવસીય મુલાકાતના બીજા દિવસે ઝિમ્બાબ્વે પ્રજાસત્તાકના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ કોન્સ્ટાન્ટિનો ચિવેન્ગાએ તેમના પ્રતિનિધિમંડળ સાથે શહેરની ગતિશીલ ઔદ્યોગિક, કૃષિ અને શૈક્ષણિક ઇકોસિસ્ટમ્સનું અન્વેષણ કરવાનું ચાલુ રાખ્યું હતું. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એસ.જી.સી.સી.આઇ.) દ્વારા આયોજિત આ મુલાકાતમાં નોંધપાત્ર રોકાણની

સાથે સાથે સુરતનાં કૃષિ અને હીરા ક્ષેત્રો સાથે જોડાણ, ઝિમ્બાબ્વે અને સુરત વચ્ચે સંભવિત સહયોગ પર ચર્ચાઓને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ચેમ્બરના અન્ય પદાધિકારીઓ સાથે આ પ્રતિનિધિમંડળે સુરત એપીએમસી (કૃષિ પેદાશ બજાર સમિતિ)ની મુલાકાત લીધી હતી. ઉપરાષ્ટ્રપતિએ સુરત ખાતે પ્રચલિત કૃષિ વેપાર અને વ્યવસ્થાપનના અનન્ય મોડલનું ઊંડાણપૂર્વક અવલોકન કર્યું હતું. તેની કાર્યક્ષમતા, પારદર્શિતા અને ખેડૂત કેન્દ્રિત અભિગમથી ખૂબ જ પ્રભાવિત થઈને તેમણે ઝિમ્બાબ્વેમાં સુરત એપીએમસી મોડલ લાગુ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. આ માટે એપીએમસીની ઉચ્ચ સ્તરીય ટીમ ઝિમ્બાબ્વેના કૃષિ મંત્રાલય સાથે બેઠક કરે એવી ઈચ્છા વ્યક્ત કરી. તેમણે સુરત એપીએમસીને ઝિમ્બાબ્વેમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવા આમંત્રણ આપ્યું હતું, જ્યાં તેઓ પ્રદર્શન પ્રોજેક્ટ તરીકે બહુવિધ પાકોની ખેતી કરવા માટે 6 થી 7 એકર જમીન જુદા જુદા પ્લોટ પાડીને ફાળવવાનો ઇરાદો ધરાવે છે. એપીએમસીના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી સંદીપભાઇ દેસાઇ, એપીએમસીના સીઈઓ શ્રી નિલેશભાઈ કોરાટ અને અન્ય અધિકારીઓ સાથે વિગતે ચર્ચા કરીને ફૂડ પ્રોસેસિંગ અને કૃષિમાં વેલ્યુ એડિશન પર કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરીને આ માટે પણ એપીએમસીનો સહયોગ માગ્યો હતો.

વાઇસ પ્રેસિડેન્ટ ચિવેન્ગા એસ.જી.સી.સી.આઈ.ના સહયોગથી એસ.આર.કે. એક્સપોર્ટ્સ દ્વારા હાથ ધરવામાં આવેલી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સી.એસ.આર.) પહેલથી ખાસ કરીને પ્રભાવિત થયા હતા. તેમણે રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકીયા સાથે પણ ચર્ચા કરી હતી. જેમણે સુરતના હીરા ઉદ્યોગને ઝિમ્બાબ્વેમાં ફેક્ટરી નાંખવા પણ આમંત્રણ આપ્યું હતું.

વી.એન.એસ.જી.યુ.ની મુલાકાત દરમ્યાન આ પ્રતિનિધિમંડળને યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમો, સંશોધન પહેલ અને પ્રદેશમાં નવીનતા અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવામાં તેની ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાષ્ટ્રપતિએ ઝિમ્બાબ્વેની સંસ્થાઓ અને સુરતના શૈક્ષણિક સમુદાય વચ્ચે ભવિષ્યના આદાનપ્રદાન, વિદ્યાર્થી-વિદ્યાર્થી કનેક્ટની નેમ વ્યક્ત કરી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ બે દિવસના કાર્યક્રમોના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, "ઉપરાષ્ટ્રપતિની ટેક્સ્ટાઇલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, વીએનએસજીયુ, સુરત એ.પી.એમ.સી.ની મુલાકાતો શિક્ષણ, કૃષિ તેમજ ટેક્સ્ટાઇલ અને હીરા ઉદ્યોગમાં અસરકારક સહયોગની સંભાવનાને રેખાંકિત કરે છે. અમે સુરતના મોડલ્સનું અનુકરણ કરવામાં તેમની રુચિથી સન્માનિત છીએ અને ટકાઉ વિકાસ માટે ઝિમ્બાબ્વેના વિઝનને ટેકો આપવા માટે આતુર છીએ.

આ મુલાકાતમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન નિવૃત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી CA મિતિષ મોદી જોડાયા હતા.